## ❖ <u>વળતર (રીબેટ) :</u>

કરદાતાને સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષને લગતાં મિલ્કતવેરાનાં બીલો પહોંચાડવામાં આવે તે પહેલા વેરાની વસૂલાત થઈ શકે તેવા ખ્યાલને અનુરૂપ પ્રોત્સાહન રૂપે નીચે જણાવેલ શરતોને આધિન સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષમાં ચાલુ વર્ષનાં અને અગાઉના નાણાંકીય વર્ષના માંગણાની લેણી રકમ માહે એપ્રિલ અને મે માસ દરમ્યાન પૂરેપૂરી ચૂકવી આપેલ હશે તો તેવા કિસ્સાઓમાં સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષમાં વર્ષ ૨૦૧૮–૨૦૧૯ નાં મિલ્કતવેરાની રકમ ઉપર એપ્રિલ માસમાં ૧૫ % તથા મે માસમાં ૧૦ % ના દરે શરૂઆતના બે માસ દરમ્યાન વળતર આપવામાં આવશે.

### : શ ર તો :

૧. આ વળતર યોજનાનો અમલ તા.૦૧–૦૪–૨૦૧૮ થી કરવાનો રહેશે.

૨. કરદાતાએ સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષનો તેમજ અગાઉનાં સમયનો બાકી શિક્ષણ ઉપકર તથા યુઝર ચાર્જીસ સહિતનો પૂરેપૂરો મિલ્કત વેરો ચૂકવી આપ્યો હશે અથવા તો ચુકવી આપે તો જ તેને સને ૨૦૧૮–૨૦૧૯ ના મિલ્કતવેરાની રકમ પર નીચે પ્રમાણે પ્રોત્સાહન સ્વરૂપે વળતર આપવાનું રહેશે.

(ક) તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૦–૦૪–૨૦૧૮ દરમ્યાનની ચૂકવણીના પ્રસંગે ૧૫ % ના દરે.
(ખ) તા.૦૧–૦૫–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૮ દરમ્યાનની ચૂકવણીના પ્રસંગે ૧૦ % ના દરે.

૩. શિક્ષણ ઉપકરની રકમની ચૂકવણી ઉપર કોઈપણ પ્રકારનું પ્રોત્સાહન સ્વરૂપનું વળતર આપવાનું રહેતું નથી.

૪. સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષ માટે મિલ્કતવેરાની પૂરેપૂરી રકમ શિક્ષણ ઉપકર તથા યુઝર ચાર્જીસ સહિતની મિલ્કતવેરાની પાછલી બાકીની પૂરેપૂરી રકમ કરદાતાએ ચૂકવી આપવાની રહેશે અથવા ચૂકવી આપે તો જ તેને સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષના મિલ્કત કરની રકમ ઉપર વળતર આપવાનું રહેશે.

૫. આ વળતર (રીબેટ) ની રકમ સને ૨૦૧૮–૨૦૧૯ નાં નાણાંકીય વર્ષની ચાલુ વસૂલાતમાંથી જ બાદ કરીને વળતર તરીકે પાકી રસીદમાં મજરે આપવાની રહેશે.

## ❖ <u>સીનીયર સીટીઝનને સામાન્ય વેરામાં રાહત :</u>

શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧–૦૩–૨૦૧૮ ના રોજ **"સીનીયર સીટીઝન"** તરીકેનો દરજ્જો ધરાવતા હશે અને તા.૩૧–૦૫–૨૦૧૮ સુધીમાં સીનીયર સીટીઝન તરીકેનાં જરૂરી પુરાવાઓ સાથે અરજી કરશે તો તેવા નાગરિકો, જો સને ૨૦૧૮–૨૦૧૯ નાં વર્ષના જે તે વોર્ડના બીલ મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાઓ તથા શિક્ષણ ઉપકર સહિતનો પૂરેપૂરો વેરો ભરપાઈ કરશે **તો તેઓની ગમે તે એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલ્કત કરના ૧૦ % વળતર (રીબેટ) આપવામાં આવશે.**

❖ **ડિફેન્સ ખાતામાં ફરજ બજાવતાં કર્મચારીઓ/એકસ સર્વિસમેન તથા શહીદોની વિધવાઓને મિલકત વેરામાંથી મુકિત :**

શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧–૦૩–૨૦૧૮ નાં રોજ ડીફેન્સ ખાતામાં ફરજ બજાવતાં કર્મચારી/એકસ સર્વિસમેન તથા શહીદોની વિધવા તરીકેનો દરજજો ધરાવતાં હશે અને ડિફેન્સમાં ફરજ બજાવતા કર્મચારી/એકસ સર્વિસમેન તથા શહીદની વિધવા તરીકેના જરૂરી પુરાવાઓ સાથે અરજી કરશે તો તેવા નાગરિકો જો સને ૨૦૧૮–૨૦૧૯ વર્ષનાં જે તે વોર્ડના બીલો મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાબીલ તથા શિક્ષણ ઉપકર સહિતનો પૂરેપૂરો વેરો ભરપાઈ કરશે તો **તેઓની ગમે તે એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલ્કતવેરામાંથી (સામાન્ય વેરા) મુકિત આપવામાં આવશે.** (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : સમન–૮૦૨૦૧૫–૨૯૨૬–પી, તા.૧૨/૦૧/૨૦૧૬)